**SPCS NO. 314/2017**
**OLD SPCS NO. 172/2012**

# <u>આંક–૧ લગત હુકમ</u>

આ કામે દાવાનું રેકર્ડ ધ્યાને લીધુ દાવાનું રેકર્ડ જોતા જણાઇ આવે છે કે વાદીઓનો આ દાવો સને ૨૦૧૨ મા દાખલ થયેલો છે. ત્યાર બાદ સદર કેસ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય) ખાતેથી ટ્રાન્સફર થઈ નામ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સાંણદ ખાતે આવેલો. બાદમા તા. ૦૨/૦૮/૨૧ ના રોજ અત્રેની કોર્ટમા ટ્રાન્સફર થઈ આવેલ છે. સદર કેસનુ રેકર્ડ જોતા જણાય આવે છે કે અત્રેની કોર્ટ ધ્વારા તા.૨૯/૦૯/૨૨ ના રોજ વાદીને દાવા અરજી મા જણાવેલ સરનામે અત્રેની કોર્ટ ધ્વારા કરવામા આવેલ નોટીસ ઉપર વાદીના પત્નીને બજેલ હોય તેવા શેરા થઈ પરત આવેલ છે. આમ, વાદીને નોટીસ બજી ગયેલ હોવા છતા વાદી કોર્ટમા હાજર રહેલ નથી. આમ,વાદીને હાલનો આ દાવો આગળ ચલાવવામા કોઈ રસ હોય એવુ જણાતુ નથી. આ સંજોગો જોતા વાદીનો હાલનો આ દાવો સી. પી. સી. ઓર્ડર ૦૯ રુલ ૦૫ અન્વયે ડીસમીસ કરવાને પાત્ર હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

## -: <u>આખરી હુકમ</u> :-

૧) વાદીની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર ૦૯ રુલ ૦૫ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

૨૯ બંન્ને પક્ષકારો પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.

આ હુકમ આજરોજ તા. ૧૩મી માહે જુલાઈ સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સાણંદ
તા.૧૩/૦૭/૨૦૨૩

**( રાજેશકુમાર બટુકલાલ જોષી )**
બીજા એડી.સીની.સીવીલ જજ , સાણંદ
કોડ – જી .જે .૦૦૯૫૨